# ૧૯ સપ્ટેમ્બર –૨૦૧૬ (સોમવાર)

**(૧) કાશ્મિરમાં સેના પર આતંકી હૂમલો :**
- જમ્મુ કાશ્મિરનું શહેર ઉરી જે પાકિસ્તાન સરહદને અડેલું છે ત્યાં ભારતીય સેના પર આતંકીઓનો હુમલો.
- વહેલી સવારે ડોગરા રેજિમેન્ટના જવાનો પર હુમલો થયો જેમા ૧૭ જવાન શહીદ થયા અને વીસથી વધુ ઘાયલ થયા
- આ હુમલો પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથ જૈશ એ મોહમ્મદને હોવાનો અંદાજ છે.
- પાકિસ્તાનના મૌલાના મસૂદ અઝહરે જૈશ એ મોહમમદ આતંકવાદી સંગઠનની સ્થાપના કરી હતી.
- આ સંગઠન દ્વારા જ મસૂદે વર્ષ ૨૦૦૧માં ભારતીય સંસદ પર હુમલો કરાવ્યો હતો.
- ૧૯૯૪માં ભારત સરકારે મસૂદની શ્રીનગરમાંથી ધરપકડ કરી હતી.
- ત્યારબાદ ૨૪ ડિસેમ્બર ૧૯૯૯ના રોજ હરકત ઉલ મુજાહિદ્દિન નામના આતંકી જૂથે મૌલાના મસૂદને છોડાવવા ઇન્ડિયન એરલાઇન્સની ફ્લાઇટ આઇસી ૧૮૪નું અપહરણ કર્યું હતું.
- આ ફ્લાઇટમાં ૧૭૬ મુસાફર અને ૧૫ ક્રુ. મેમ્બર હતા.
- આ ૧૯૧ નાગરિકોના બદલામાં વાજપાયી સરકારે મૌલાના મસૂદ અઝહર, અહેમદ ઝરગાર જેવા ત્રણ આતંકવાદીઓને મુક્ત કર્યા હતા.
- ત્યારબાદ મસૂદે જૈશ એ મોહમ્મદ આતંકી સંગઠનની સ્થાપના કરી હતી.

**(૨) રિયો પેરાલિમ્પિકમાં ઇરાનના સાઇક્લિસ્ટનું અવસાન :**
- રિયો પેરાલિમ્પિકમાં રોડ રેસ સ્પર્ધા દરમિયાન ઇરાનના એક પેરાલિમ્પિયન બાહમાન ગોલબારનેંઝાદનું દુર્ઘટનામાં અવસાન થયું.
- ૪૮ વર્ષિય બાહમાન ઇરાનની પેરાલિમ્પિક ટીમનો સારો સાઇક્લિસ્ટ હતો.

**(૩) વર્લ્ડ બ્રીજ ચેમ્પિયનશીપ :**
- અમદાવાદના કેઝાદ અંકલેસરીયા અને સુનિત ચોકસીએ વર્લ્ડ બ્રીજ ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.
- અને સિનિયર પેર કેટેગરીમાં પં. બંગાળના ચંદ્રદાસ અને આલોક સાંધુની જોડીએ બ્રોન્ઝ જીત્યો હતો.
- આમ ભારતને આ ચેમ્પિયનશીપમા બે બોન્ઝ મળ્યા હતા.
- ઓલિમ્પિકની જેમ દર ચાર વર્ષ યોજાતી બ્રીજ ચેમ્પિયનશીપની પોલેન્ડમાં યોજાઇ હતી.
- ૨૦૧૨માં ફ્રાંસ અને ૨૦૦૮માં ચીનમાં યોજાઇ હતી.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં – કાશ્મિરના કયાં સ્થળ પર આતંકવાદી હુમલો થયો ?
- ઉરી

(૨) તાજેતરમાં રિયો પેરાલિમ્પિકમાં અવસાન થયેલ સાઇકલીંગ કયાં દેશના વતની હતા ?
- ઇરાન

(૩) વર્લ્ડ બ્રીજ ચેમ્પિયનશીપ દર કેટલા વર્ષે યોજાય છે ?
- ચાર વર્ષ

(૪) વર્ષ ૨૦૧૬માં વર્લ્ડ બ્રિજ ચેમ્પિયનશીપ કયાં યોજાઇ હતી ?
- પોલેન્ડ

(૫) પોલેન્ડ ખાતે યોજાયેલ વર્લ્ડ બ્રિજ ચેમ્પિયનશીપમાં ભારતને કેટલા મેડલ મળ્યા ?
- બે બ્રોન્ઝ મેડલ

(૬) બ્રિજ ચેમ્પિયનશીપમાં ભારતને બ્રોન્ઝ અપાવનાર ગુજરાતી જોડીનું નામ જણાવો.
- કૈઝાદ અંકલેસરીયા અને સુનિત ચોકસી

(૭) જૈશ એ મોહમ્મદ આતંકી સંગઠનનો વડો કોણ છે ?
- મૌલાના મસૂદ અઝહર

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧